# ॥ સાતમની કથા ॥

એક ગામમાં એક પરિવાર રહેતો હતો. શ્રાવણ માસની છઠ્ઠના દિવસે પરિવારની વહુઓએ રસોઈ બનાવી. પરંતુ દેરાણી અને જેઠાણી ચૂલો સળગતો રાખીને સૂઈ ગઈ હતી. રાત્રિનો સમય થયો અને મા શીતળા ફરવા નીકળ્યા, તેઓ દેરાણીના ઘેર આવી ચૂલામાં આળોટવા જતાં આખા શરીરે દાઝી ગયાં. તેથી શીતળા માતાએ તેને શ્રાપ આપ્યો કે "જેવી મને બાળી, એવું જ તારું પેટ બળજો." આ વાત જાણી દેરાણી કલ્પાંત કરવા લાગી. કોઈ એ કહ્યું કે નક્કી આ શીતળા માતાનો કોપ છે. આ સાંભળી તે ટોપલામાં દાઝેલા બાળકને લઈ ભટકવા લાગી. વનમાં એક બોરડી નીચે તેને વૃદ્ધ ડોશી દેખાયા, ડોશીએ તેને બોલાવી. ડોશીના કહેવા પ્રમાણે તેણે તેના માથાને સાફ કર્યું. આ રીતે ડોશીની સેવા કરવાથી ડોશીએ કહ્યું " જેવી મને ઠંડક આપી તેવી તને ઠંડક મળજો."

એમ કહી તેના દીકરાને સ્પર્શ કર્યો તો તે સજીવન થયો. શીતળા માતાએ દર્શન આપી તેને ઘરે મોકલી. આ રીતે શીતળા માતા તેને પ્રસન્ન થયા. તેને ઘરે ધન-ધાન્યની વૃદ્ધિ થઈ અને સ્વસ્થ સંતાનની પ્રાપ્તિ થઈ.

*******

# ॥ શીતળા સાતમ વ્રતની પૂજા વિધિ ॥

❖ સાતમ ના દિવસે ચૂલો સળગાવવામાં આવતો નથી, જેથી સાતમ નો આગળ નો દિવસ એટલે કે છઠ ના દિવસે બે દિવસ ની રસોઈ સાથે બનાવવામાં આવે છે.

❖ આ સમયે રસોઈની વાનગી બનાવવા બાબતે કોઈ નિયમ નથી, ગૃહિણી બે દિવસ સારું(સ્વસ્થ) રહે તેવું બનાવી શકે છે.

❖ શ્રાવણ વદ સાતમ(૭) ના દિવસે સવારે વહેલા ઊઠી ઠંડા પાણીએ નહાવું. આખો દિવસ ટાઢું ખાવું. ચૂલો સળગાવવો નહિ અને શીતળામાની વાર્તા સાંભળવી.

❖ શીતળા માતાને પ્રસાદી ચડાવવા કુલર(ઘઉંનો લોટ + ઘી + ગોળ) બનાવવામાં આવે છે.

❖ કુલર, દિવો, એક નાળીયેર સાથે શીતળા માતા ના મંદિરે દર્શન કરી પૂજા કરવી.

❖ ગુજરાતના સૌરાષ્ટ્ર માં આ દિવસે ગામડામાં મેળો ભરાય છે.